વડીલોને વંદન અભિનંદન

નિહારીકાબેન એસ. રસાણિયા
(૧૯૫૨)મો.૯૬૨૮૫૭૫૪૧૭

તારાબેન પ્રભુદાસ અન્નમ્
(૧૯૪૫) મો. ૯૯૭૮૯૨૫૦૫૩

દમયંતિબેન જે. ઝાટકીયા
(૧૯૪૨) મો.૯૮૨૪૧૬૪૬૬૪

દેવેન્દ્રભાઈ એચ. ડુંગાણી
(૧૯૪૨) મો.૯૯૦૯૦૩૪૪૯૦

જૈન કલ્ચરણ ગ્રુપ અમદાવાદ દ્વારા ૩૧મા જૈન સમૂહ લગ્નોત્સવનું આયોજન

સમાજમાં ચાલતાં પરંપરાગત રિવાજો, દેખાદેખી અને પ્રણાલીઓને કારણે ભીસાતા સામાન્ય માનવીને તેમાંથી બહાર લાવી તેનાં આત્મસન્માનને જાગૃત કરી જાળવવાના નમ્ર પ્રયાસ સ્વરૂપે જૈન કલ્ચરણ ગ્રુપ - અમદાવાદ એક નવતર પણ નિઃસ્વાર્થ અભિગમ સાથે છેલ્લા ૩૦ વર્ષથી સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સાદગી ભર્યા છતાં સુવ્યવસ્થિત સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવે છે. લગ્નોત્સવમાં જોડાવવા ઇચ્છતા જૈન યુવક - યુવતીઓને તે અંગેના ફોર્મ ઓફિસ : બીજે માળે, ગુજરાત વેપારી મહામંડળ બિલ્ડીંગ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતેથી મેળવી સંપૂર્ણ વિગતો સાથે તારીખ ૦૫.૦૧.૨૦૧૩ સુધીમાં ભરીને મોકલી આપવા વિનંતી.

સાબરકાંઠામાં મતદાન મથકો સહિત જિલ્લાના તમામ વિસ્તારોમાં સુરક્ષાના પૂરતા પ્રબંધો સાથે સજ્જ બનેલું ચૂંટણીતંત્ર

હિંમતનગર, તા. ૧૪

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૨ અન્વયે તા. ૧૭મી ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ બીજા તબક્કામાં યોજાનારી ચૂંટણીના મતદાનના દિવસે સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભા મત વિસ્તારની બેઠકોમાં શાંતિપૂર્ણ મતદાન થાય અને તે દ્વારા મુક્ત, ન્યાયી, તટસ્થ,પારદર્શિતા સાથે ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય તે માટે સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી શાહમીના હુસેન રાહબરી હેઠળ મતદાન મથકો સહિત સમગ્ર જિલ્લાના વિસ્તારમાં કડક સુરક્ષા પ્રબંધો સહિત તમામ પ્રકારની વ્યવસ્થાઓને આખરી ઓપ આપીને જિલ્લાનું ચૂંટણીતંત્ર સજ્જ બન્યું છે.

જિલ્લામાં આ સાત બેઠકો માટે ૨૦૧૨ મતદાન કેન્દ્રો ખાતે સવારે ૮.૦૦ થી સાંજના ૫.૦૦ સુધી મતદાન યોજાશે. જિલ્લાના નોડલ અધિકારીશ્રીઓ પણ સંબંધિત વિસ્તારોમાં દેખરેખ રાખશે. જિલ્લાના મતદાન મથકો ખાતે માઈક્રો ઓબ્ઝર્વરોની પણ નિમણુંક કરીને તેમને ફરજ સોંપવામાં આવી છે. જ્યારે મતદાન કેન્દ્રોના નિયત વિસ્તારોની બહાર ક્વીક રીસ્પોન્સ ટીમ, ફ્લાઈંગ સ્કવોડ,સ્ટેટીક સર્વેલન્સ ટીમ, વાયરલેસથી સજ્જ સેક્ટર મેજીસ્ટ્રેટ અને પોલીસ અધિકારીઓ વગેરે ફરજ બજાવશે અને પરિસ્થિતિ ઉપર દેખરેખ રાખશે.

ખેડબ્રહ્મામાં શ્રીમદ્ ભાગવત દશાવતાર જ્ઞાન પારાયણ અંગે આયોજનને આખરી ઓપ અપાયો

ખેડબ્રહ્મા, તા. ૧૪

શ્રી ખેડબ્રહ્મા તાલુકા સનાતન સતપંથ પરિવાર આયોજીત શ્રીમદ્ ભગવત દશાવતાર જ્ઞાનયજ્ઞ પારાયણ યજ્ઞની આખરી આયોજનની મિટીંગ મણીભાઈ એમ. પટેલ (ગ્રીનફાઉન્ડેશન-અમદાવાદ) ના અધ્યક્ષ સ્થાને સંતશ્રી રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલય ખાતે મોટી સંખ્યામાં મળી. જેમાં શ્રીમદ ભાગવત દશાવતાર પરમ પૂજ્ય સતપંથ રત્ન મહંતશ્રી જનાર્દનજી મહારાજ (ફેંજપુર, મહારાષ્ટ્ર) વ્યાસપીઠ પર બીરાજી સંગીતમય શૈલી સાથે કથાનું રસપાન કરાવશે.

તેમાં ભાવિ યુવાન પેઢીના ભાઈ બહેનો વધુને વધુ જોડાય તે માટે દરેક ગામોમાંથી મોટી સંખ્યામાં નોંધ જોડાવા માટે આવેલ હતો. આ કથા દ્વારા શ્રદ્ધા અને સંસ્કારોનું સિંચન થાય પ્રભુ પ્રત્યે દૃઢતા અને પરસ્પર ભાઈચારાની ભાવના વધે તે હેતુસર આ મહાયજ્ઞમાં મોડાસા વિભાગમાંથી છગનભાઈ પોકાર, બાયડ વિભાગમાંથી દેવેન્દ્રભાઈ, શાંતિભાઈએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા સૂચનો કરેલ હતા. આ તબક્કે મુંબઈથી પધારેલ રવિભાઈ કે. પટેલ (પ્રમુખ, ઉમિયા માતાજી ટ્રસ્ટ, વાંઢાય, કચ્છ)એ સમાજને તોડતો અટકાવવા તથા તમામને સાથે મળી પ્રગતિના સોપાન સર કરી શકાય તેવું સુચન કરેલ. તેને સભા અધ્યક્ષ મણીભાઈ પટેલે બિરદાવેલ. સભાની શરૂઆતમાં રાજાભાઈ પટેલે અત્યાર સુધી થયેલ કામગીરીનું વર્ણન કરેલ. જ્યારે શિક્ષણવિદશ્રી જેઠાભાઈ પટેલે ભવ્ય શોભાયાત્રામાં ૨૦ ઉપરાંત ટેબ્લો જોડાશે તે સાથે માહિતી આપી હતી. સફળ સભાનું સંચાલન જ્યોતિ વિદ્યાલયના યુવાચાર્ય સુરેશ પટેલે કર્યું છે.

ભાજપ દ્વારા વાહન રેલી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાહન રેલીના માધ્યમથી ચૂંટણી પ્રચાર હાથ ધરવામાં આવશે.સવારે ૮.૩૦ કલાકે અક્ષરધામ પાસેથી શરૂ થનારી આ પ્રચાર રેલીમાં તારક મહેતાની સિરિયલના કલાકાર દિલીપ જોષી અને દિશા વાકાણી સહિતના કલાકારો પણ જોડાશે. પ્રચારના આખરી તબક્કામાં મતદારોને પોતાની તરફ કરવા યોજાનારી આ રેલી અક્ષરધામથી આગળ સેક્ટર-૩૦ના રીંગરોડ ઉપર થઈ સેક્ટર-૨૯ પોસ્ટ ઓફીસ અને શોપિંગ વિસ્તારથી આગળ નીકળી સેક્ટર-૨૮ બગીચા તરફ જશે. ત્યાંથી પ્રચાર પડઘમ સાથે સેક્ટરના શોપીંગમાં થઈ રેલી સેક્ટર-૨૭ આનંદનગર વિસ્તારમાં થઈ સેક્ટર-૨૬, ૨૫, ૨૪ના રહેણાંક વિસ્તારમાં આગળ વધશે. ત્યારબાદ સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર અને લગ્નવાડી તરફના માર્ગ પર આગળ વધી સેક્ટર-૨૨ વાસ્તુનિર્માણ સોસાયટી અને પંચદેવ મંદિર થઈ સેક્ટર-૨૧ શાકમાર્કેટ વિસ્તાર તરફ પ્રયાણ કરશે. ત્યારબાદ સેક્ટર-૨૦ના ઘ-ટાઈપ વિસ્તાર સેક્ટર-૧૯માં થઈ સેક્ટર-૧૭ શોપીંગ વિસ્તારમાં પ્રચાર કરશે. જ્યાંથી ભાજપની આ પ્રચાર રેલી સેક્ટર-૧૬ મધ્યસ્થ કાર્યાલય પાસેથી રીંગરોડ ઉપર થઈને સેક્ટર-૧૫ ફતેપુરા, સેક્ટર-૧૪ સૂર્યનારાયણ સોસાયટી અને સેક્ટર-૧૩ના રીંગરોડ ઉપરથી આગળ વધી સેક્ટર-૧૨ સિવિલ તરફ જશે. જ્યારે આખરી તબક્કામાં સેક્ટર-૮ શોપીંગ આંતરિક વિસ્તાર, સેક્ટર-૭ અને ૬ રીંગરોડ થઈ સેક્ટર-૫, ૪, ૩ અને સેક્ટર-૨ અને ૧ના રીંગ રોડ પરથી પસાર થઈ ચૂંટણી લક્ષી પ્રચાર કરશે.

ગુજરાતીમાં અપીલ કરી ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજની આ સભામાં ૧૫ મિનિટના તેમના પ્રવચનમાં સતત આક્રમકતા જોવા મળતી હતી એટલું જ નહિ પ્રવચનના પ્રારંભે જ ગાંધી, સરદારને યાદ કર્યા હતા તેમજ ગુજરાતની પરંપરાને પુનઃ સ્થાપન કરવાના પ્રયાસો કરાશે તેની ખાત્રી આપી હતી.

શ્રીમતી સોનિયા ગાંધીએ આજે તેમના પ્રવચનમાં દાખવેલી આક્રમકતાને લઈ કોંગ્રેસના કાર્યકરોમાં નવો ઉત્સાહનો સંચાર થયો હતો. શ્રીમતી ગાંધીએ આજે ભાજપ પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે તેમના પ્રવચનમાં ગ્રામીણ વિકાસ ગરીબો, ખેડૂતો, મહિલાઓ અને યુવા વર્ગને લગતા મુદ્દાઓ છેડી મોદીને વિવાદમાં ઘેર્યા હતા એટલું જ નહિ કૃષિ સેક્ટરની વીજળીનો હિસ્સો વેચી નફો સરકાર રળતી હોવાનો આક્ષેપ કર્યો હતો. એટલું જ નહિ કેગના રિપોર્ટનો ઉલ્લેખ કરી જવાબદારો સામે સરકાર પગલાં નહિ લેતી હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

ભાજપ ભારે ચિંતિત છે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધારે મહિલાઓએ ફોર્મ ભર્યા અને ગ્રામીણ વિસ્તારમાં ૧૦૦ વારના પ્લોટ આપવાની યોજનામાં ૩૦ લાખ મહિલાઓએ ફોર્મ ભરીને કોંગ્રેસની પક્ષની પ્રજાલક્ષી યોજનામાં જોડાઈને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ગુજરાતના નાગરિકોને ઘરનું ઘર, ઓછી ફીમાં શિક્ષણ, ઝડપી અને અસરકારક આરોગ્ય સેવા, સરકારી કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ, કર્મચારીઓને પૂરતું વેતન, ખેડૂતોને વિજળી, સિંચાઈનું પાણી, પીવાનું પાણી, યુવાનોને રોજગારી જેવા મહત્વની બાબતોમાં ભાજપ તેના ૧૧ વર્ષના શાસનમાં સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે ત્યારે હવે ષડયંત્ર અને જુઠ્ઠાણાના આશરાથી સત્તા મેળવવા ભાજપ હવાતિયા મારી રહ્યું છે જેમાં તે સફળ થશે નહીં.

રીક્વીઝીટ કરેલી તમામ ગાડીઓમાં વાયરલેસ લગાવાયા

વિવિધ બુથમાં પેટ્રોલીંગ કરી રહેલી પોલીસ સરળતાથી પરસ્પર સંકલન સાધી શકશે

ગાંધીનગર, તા. ૧૪

ચૂંટણીને અનુસંધાને જિલ્લાની પોલીસે રીક્વીઝીટ કરેલી ૩૦૦ થી વધુ ખાનગી ગાડીઓને મતદાનના દિવસે બુથો પર પેટ્રોલીંગ સહીત વિવિધ કામગીરીમાં લેવામાં આવશે.

આ તમામ ખાનગી ગાડીઓમાં વાયરલેસ સિસ્ટમ લગાવવામાં આવી છે. જેનાથી પેટ્રોલીંગમાં રહેલી પોલીસ એકબીજા સાથે સતત સંકલનમાં રહી શકે અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે નહીં તેનું સતત ધ્યાન રખાશે. વિધાનસભાની ચૂંટણીને પગલે જિલ્લા પોલીસે ચૂંટણીના કામે ૩૦૦ થી વધુ ગાડીઓને રીક્વીઝીટ કરી છે. આ તમામ ખાનગી ગાડીઓ મતદાનના દિવસે પેટ્રોલીંગ માટે તથા અન્ય વિવિધ કામો માટે ફરશે. જેમાં જિલ્લાની પોલીસ હશે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તથા શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણીપ્રક્રિયા પરિપૂર્ણ થાય તે હેતુથી આ તમામ ગાડીઓનો ઉપયોગ પોલીસ બુથ પેટ્રોલીંગ સહીત યોગ્ય પોઈન્ટ પર કરશે. રીક્વીઝીટ કરવામાં આવેલી તમામ ખાનગી ગાડીઓમાં પોલીસે વાયરલેસ સેટ લગાડી દીધા છે જેનાથી જિલ્લાની તમામ પોલીસ વાયરલેસ સેટ મારફતે એકબીજાનાં સતત સંકલનમાં રહે અને કોઈ અનિચ્છનિય બનાવ બને નહી તેની કાળજી રાખી શકે. રીક્વીઝીટ કરેલી આવી ૩૦૦ થી વધુ ગાડીઓમાં વાયરલેસ સેટ ગોઠવવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

હવામાનમાં ફરીવાર પલટો આવ્યો : તાપમાનમાં વધારો

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ શહેરમાં ફરી એકવાર હવામાનમાં આજે પલટો જોવા મળ્યો હતો. તાપમાનમાં વધારો નોંધાયો હતો. અમદાવાદમાં ગઈકાલે ૧૨ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ જેની સામે તાપમાન વધીને ૧૪.૪ ડિગ્રી નોંધાયુ છે. ગઈકાલની સરખામણીમાં આજે નલિયામાં પણ તાપમાન વધી ગયુ હતુ. મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં વધારો થયો છે પરંતુ વાદળછાયા વાતાવરણના કારણે લોકોએ ઠંડકનો અનુભવ કર્યો હતો. શરૂઆતમાં ધુમ્મસ જેવું વાતાવરણ જોવા મળ્યુ હતુ. આવતીકાલે અમદાવાદ શહેરમાં લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

SANGHI CEMENT
KisaN
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મતદાનના દિવસ માટે કન્ટ્રોલ રૂમ કાર્યરત કરાયો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિદ્યાનસભા બેઠકની સામાન્ય ચૂંટણી આગામી તા. ૧૭મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા ચૂંટણી અધિકારી, જિલ્લા સેવા સદન, ગાંધીનગર ખાતે ગાંધીનગર ખાતે મતદાનના દિવસ માટે કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે. જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૧૦૩૧ છે. તે ઉપરાંત ૦૭૯-૨૩૨-૫૧૨૪૩, ૦૭૯-૨૩૨ ૫૧૨૪૫, ૦૭૯-૨૩૨-૫૧૨૪૬ ઉપર કોઈ પણ વ્યક્તિ મતદાનના દિવસે કન્ટ્રોલ રૂમ ઉપર ફરિયાદ નોંધાવી શકશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન